# તાજપુર શાળાનો મામલો ફરી ગરમાવ્યો

## સતત સાત દિવસ સુધી તાળાંબંધી છતાં સુખદ અંત ન આવતાં ફરી વિદ્યાર્થીઓના ભાવી ઉપર સંકટના વાદળો

પ્રાંતિજ તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તાજપુર ગામે આવેલ પ્રાથમિક શાળા નંબર-૧ માં ગ્રામજનો દ્વારા શાળાના સ્ટાફની અંદર-અંદર વિખવાદને કારણે શાળાને તાળાંબંધી કરી હતી અને બાળકોને શાળાએ નહિ મોકલી સ્ટાફ બદલવાની મૌખિક તથા લેખિતમાં ઉપરી અધિકારીઓને રજુઆત કરી હતી અને તંત્ર દ્વારા એક શિક્ષક અને બે શિક્ષિકાઓની બદલી કરવામાં આવી હતી જેમાં શિક્ષક હાઈકોર્ટમાં જતાં કોટ દ્વારા આખરી ચુકાદો ના આવે ત્યાં સુધી મુળ સ્થળે ફરજ બજાવવા હુંકુમ કકર્યો છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજના તાજપુર ગામે આવેલ શાળામાં શાળાના શિક્ષકોની અંદરો અંદર વિખવાદને લઈને ગ્રામજનો દ્વારા શાળાને તાળાં તથા બાળકોને શાળામાં નહી મોકલી વિરોધ કરવામાં આવ્યો હતો અને શાળાના ચાર શિક્ષકોની બદલીની માંગ સાથે તાલુકા શિક્ષણ અધિકારી તથા જિલ્લા તંત્રને લેખિતમાં જાણ કરી હતી. ત્યારે તાલુકા શિક્ષણ અધિકારી ટી.કે.વાધેલા તથા જિલ્લા તંત્ર શાળામાં દોડી આવ્યું હતું અને બાળકોના ભણતરની ચિંતાને લઈને એક મુખ્ય શિક્ષક સહિત બે શિક્ષિકાઓની બદલી કરવામાં આવી હતી જેમાં મુખ્ય શિક્ષક સુરેશભાઈ પટેલને વિજયનગર તાલુકાના પડોસડા તથા હસુમતીબેન વડાલી તાલુકાના ડોભાલા તથા શિતલબેન પટેલને ઈડર તાલુકાના ભદ્રેશ્વર ખાતે બદલી કરવામાં આવી હતી જેમાં મુખ્ય શિક્ષક સુરેશભાઈ દ્વારા હાઈકોર્ટમાં દરવાજા ખખડાવતા કોર્ટ દ્વારા જયાં સુધી ચુકાદો ના આવે ત્યાં સુધી મુળ સ્થળે ફરજ બજાવવા હુકમ કરવામાં આવ્યો છે ત્યારે ગ્રામજનો તથા S.M.Cના સભ્યો નું કહેવું છેકે આ શિક્ષક દ્વારા શિષ્યવૃતિ આપવાની હોવાથી ખોટી સહિઓ ગ્રામજનોની કરેલ છે તેમજ સંડાસ બાથરૂમના નામે ખોટી સહિઓનો ઉપયોગ કરી હાઈકોર્ટમાં જઈ સ્ટે લાવેલ છે જે અમોને ગ્રામજનોને S.M.Cના સભ્યોને મજુર નથી અને તંત્ર દ્વારા જો તાત્કાલિક પગલાં ભરવામાં નહી આવે તો ગ્રામજનો દ્વારા ગાંધીચિંધ્યા માગે ઉગ્ર આંદોલન કરશુ અને ગ્રામજનો અંત સુધી લડી લેવાનાં મુડમાં છે તેવું ગ્રામજનો દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારીને લેખિતમાં જાણ કરવામાં આવી છે.




## પ્રદેશ ઉપાધ્યક્ષ પદે પૂર્વમંત્રી જયસિંહ ચૌહાણની વરણી

પ્રાંતિજ ખાતે પૂર્વ શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણની ભાજપ દ્વારા પ્રદેશ ઉપાધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવતા પ્રાંતિજ ભાજપ કાર્યકરો દ્વારા પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેન્ડ વિસ્તારમાં તેમનું ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું હતું અને ફટાકડા ફોડી આતશબાજી કરવામાં આવી હતી. જેમાં ભાજપ શહેર પ્રમુખ સતિષભાઈ પંડ્યા, મંત્રી વિજયભાઈ પટેલ, મનુભાઈ રામચંદાની, જીગ્નેશભાઈ પંડ્યા, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, નગરપાલિકા કોર્પોરેટરો, ભાજપ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને જયસિંહ ચૌહાણનું ફૂલહાર પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું.

## વકવાડા ગામના ખેડૂતોને જમીન ધોવાણનું વળતર ન મળતા દિયોદર પ્રાંત અધિકારીને આવેદનપત્ર

બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકામાં ભારે વરસાદના કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. જેમાં મોટાભાગે ઉભા પાક અને જમીન ધોવાણ થયું હતું. જેમાં સરકાર તરફથી તત્કાલીન ધોરણે જિલ્લામાં કરોડો રૂપિયા ફાળવી ખેડૂતો અને મધ્યમ વર્ગના લોકોને સહાય ચુકવવામાં આવી હતી. પરંતુ લાખણી તાલુકાના વાકવાડા ગામના ખેડૂતોને પુરતી સહાય ન મળતા ખેડૂતોએ ઉચ્ચકક્ષાએ લેખિતમાં રજુઆત કરી છે. અને દિયોદર પ્રાન્ત અધિકારીને આવેદનપત્ર પાઠવી યોગ્ય સમયમાં વળતર ચુકવવા માટે રજુઆત કરી છે. લાખણી તાલુકાના વકવાડા ગામે ભારે વરસાદના કારણે અતિ વૃષ્ટિ સર્જાઈ હતી. જેમાં મોટાભાગે જમીન ધોવાણ થયું હતું. જે અંગે ખેડૂતોએ સહાય માટે તંત્રને જાણ કરી હતી તે સમયે તંત્ર દ્વારા જમીનનું સર્વે કરી નાની રકમ ચુકવવામાં આવી હતી. તેમજ રાજકિય વગ ધરાવતા ખેડૂતોને મોટા પાયે રકમ ચુકવતા અન્ય ખેડૂતોમાં તંત્ર સામે ઉગ્ર રોષ વ્યક્ત કરાયો હતો અને આ અંગે ગ્રામ પંચાયત અને મામલતદારને લેખિતમાં રજુઆત કરી હતી. પરંતુ વારંવાર રજુઆત કરવા છતાં તંત્ર દ્વારા આજ દિન સુધી કોઈ પણ જાતની સહાય ન ચુકવતા આજે વકવાડા ગામના ખેડૂતો દિયોદર પ્રાન્ત કચેરી ખાતે આવી પહોંચી તેમની માંગણી સાથેનું આવેદનપત્ર પાઠવ્યુ હતુ.

# મોડાસામાં અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના ભાજપા સામે ધરણા

## ભાજપા સરકાર દ્વારા હિટલરશાહી અપનાવી લોકશાહીથી ચૂંટાયેલા કોંગ્રેસ શાસિત રાજ્યોમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવા સરમુખત્યારશાહીનો વિરોધ

મોડાસા, તા. ૪

કેન્દ્ર શાસિત ભાજપા સરકાર દ્વારા સમગ્ર દેશમાં લોકશાહી ઢબે ચૂંટાઈને રાજ્યમાં સ્થપાયેલી કોંગ્રેસ સરકાર સામે હિટલરશાહી અપનાવી બીનલોકશાહી અને અયોગ્ય ગેરબંધારણીય પગલા લઈ લોકશાહીની હત્યા કરવા માંગતા હોય તેમ કોંગ્રેસ શાસિત રાજ્યમાં સરકારને રાષ્ટ્રપતિ શાસન હેઠળ અનુસાશન લાદી દેવામાં આવતા અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મોડાસા શહેરના ચાર રસ્તા પર ભાજપા સરકાર વિરૂદ્ધ ધરણા યોજી અરવલ્લી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ હતુ.

ભાજપા સરકાર દ્વારા દેશની જનતાને તેમજ દેશના વડાપ્રધાને સત્તા હાંસલ કરવા "હું ચોકીદાર છુ, દેશની તીજોરી પર કોઈનો "પંજો" નહી પડવા દઉ જેવા થર્ડ રેટ ફિલ્મના દ્વિ અર્થી સંવાદોની જેમ નિમ્ન સ્તરીય પ્રલોભનકારી પ્રવચનો દ્વારા દેશની પ્રજાને ગેરમાર્ગે દોરીને માત્ર માર્કેટીંગ પદ્ધતિઓના જોરે કોઈ પણ નક્કર ભાવિ યોજનાઓ વગર પ્રપંચ કરી સત્તા સ્થાને બેઠેલા ભાજપના સત્તાધારીઓ સત્તા સંભાળ્યા પછીના ૨૨ મહીના પછી પણ શાસનની કોઈ જ સૂઝ ન પડતા ભાજપ સરકાર દ્વારા સરમુખત્યાર શાહી અને અહંકારી વલણ અપનાવી સમગ્ર દેશને ભગવા કરણ કરવાનો છૂપા એજન્ડા સહિત દેશની ટોચની શૈક્ષણિક સંસ્થાઓની સ્વાયત્તા છીનવી લીધા પછી ભાજપના સત્તાધીશોએ તેમનો ડોરો રાજ્યોમાં લોકશાહી ઢબે ચૂંટાયેલી બંધારણીય રીતે સત્તા સ્થાને બેઠેલી કોંગ્રેસ સરકારને ઉથલાવીને ભાજપના સત્તાધીશો હિટલરશાહીને પુર્નજીવીત કરી સરમુખત્યારશાહી અપનાવી યેનકેન પ્રકારે સત્તાના જોરે, પૈસાની લાલચે ધારાસભ્યોનું હોર્સ ટ્રેકીંગ કરી રાષ્ટ્રપતિ શાસન લાગુ કરાતા કોંગ્રેસ પક્ષના અગ્રણીઓ હચમચી ઉઠ્યા હતા. સોમવારે અવરલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ભાજપ સરકાર સામે ધરણા યોજી જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆકને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.



અવરલ્લી જિલ્લામાં કોંગ્રેસ લડખડી પડી હતી ત્યારે ભાજપા સરકારની મોંઘવારી તેમજ નિષ્ફળ વહીવટીકરણથી જિલ્લા કોંગ્રેસીઓમાં નવી તાકાતનો સંચાર થયો હોય તેવુ જણાઈ રહ્યું છે. રવિવારના ધરણા કાર્યક્રમમાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, બાયડ-માલપુર ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહ પુવાર, જિલ્લા પંચાયતના સદસ્યો રેવાભાઈ ભમ્આંભી, જ્યોત્સનાબેન, કાદરઅલી સૈયદ, અમીત મકવાણા અને આનંદ પરમાર સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના અગ્રણીઓ-સદસ્યો હાજર રહ્યા હતા.

## દલપુર પાસે અજાણ્યા વાહનની ટકકરે યુવાનનું મોત

પ્રાંતિજના દલપુર સીમ નજીક નેશનલ હાઈવે આઠ ઉપરથી પસાર થતો યુવક પિન્ટુ હિરાલાલને કોઈ અજાણ્યા વાહન ચાલકે ટકકર મારતા શરીરે વત્તા ઓછી ઈજાઓ પહોંચતા યુવકનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નિપજયું હતું અને વાહન ચાલક ત્યાંથી ભાગી ગયો હતો જયારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને કાલીકાપ્રસાદ મંગળ પ્રસાદ રાવત રહે.અંબુજા ફેકટરી દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરતાં પોલીસે ઘટના સ્થળે જઈ મૃતકને પ્રાંતિજ પી.એચ.સી.માં પી.એમ. માટે મોકલી અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# મોડાસા નગરની ટ્રાફીકની સમસ્યા જ્યા ને ત્યા

મોડાસા, તા. ૪

મોડાસા નગરને અરવલ્લી જિલ્લાનો દરજજો જ્યારથી મળ્યો છે ત્યારથી મોડાસાના વહીવટીતંત્રને ટ્રાફીક સમસ્યા માથાના દુખાવારૂપ બની ગઈ છે.

આ સમસ્યા નીવારણ માટે મહદઅંશે જવાબદાર લારીઓવાળા, ફેરીયાઓ અને નાનુ મોટુ પેટીયુ રળી ખાતા વેપારીઓ રોડ ઉપર ઉભા રહી અને તેમનુ ગુજરાન ચલાવતા મોડાસા નગરપાલિકાના વહિવટીતંત્રને ટ્રાફીકની સમસ્યા માટે નડતરરૂપ લાગ્યા હતા.

ત્યારે આ સમસ્યાના નિવારણ માટે નગરપાલિકાતંત્ર હરકતમાં આવતા લારીઓવાળા અને ફેરીયાઓ નાના મોટા રોડ ઉપર ધંધો કરવા વાળાને તેઓનું સ્થાન નિયત કરતા તેઓને નિયત કરેલી જગ્યા ઉપર ખસેડવામાં આવ્યા ત્યારે મહમદઅંશે ટ્રાફીકની સમસ્યાનું નિવારણ જોવા મળ્યું હતુ. આ નિવારણ માટે સામાન્ય વર્ગ પોતાના ભોગે લારીઓવાળાએ સાથે અને સહકાર આપી ટ્રાફીક સમસ્યાનું નિવારણ કરેલ હતુ અને મોડાસા નગરની સુખાકારીને ધ્યાને લીધી હતી.



તેનુ બીજુ પાસુ જોતા જ્યારે મોડાસાના મુખ્ય માર્ગ ઉપર અને આ લારીઓવાળાની ખાલી પડેલી જગ્યાઓમાં વ્હીકલ પાર્કીંગ માટે જ આ જગ્યાઓ ખાલી કરાવડાવી હોય તે રીતે આ કામગીરી સાબીત થઈ આજના તબક્કામાં નરી આંખે જોતા દેખાઈ આવે છે કે ટ્રાફીક સમસ્યા લારીઓવાળાથી નહી પરંતુ માલેતુજારના મોટા મોટા વ્હીકલો, જેમ તેમ પાર્કીંગ કરેલ ટુ-વ્હીલરોથી મોડાસા નગરનો મુખ્ય માર્ગ ટ્રાફીકથી સજજ થઈ ગયો છે, અને આ સમસ્યાનું નિવારણ ટ્રાફીક પોલીસ પણ નથી કરી શકતી તેવુ સાબીત થાય છે. તો એક તરફ ગરીબ લારીઓવાળાનો ખસેડી અને અમીરોની ગાડીઓ માટે આ કામગીરી કરી હોય તેવું લાગી રહ્યું છે. માટે ટ્રાફીકની સમસ્યા જ્યા ને ત્યાં જ જોવા મળી છે.

# ખાણોદર પાસે કતલખાને લઈ જવાતા ચાર પશુ બચાવાયા

દિયોદર, તા. ૪

દિયોદરના ખાણોદર ગામ નજીક રાત્રીના સમયે પીકઅપડાલામાં ખીચ્ચોખિચ ભરી લઈ જવાતા પશુઓને ગૌરક્ષકોએ બચાવવાની કોશીષ કરી હતી. જેમાં ગાડી ડ્રાઈવરે પુરઝડપે ગાડી હંકારતા અન્ય બે ગાય હડફેટે ચડતા ઘટનાસ્થળે ગાયના મોત નિપજ્યા હતા. જેમાં ગામ લોકોએ પીછો કરી ગાડી રોકાવી ચાર પશુને બચાવી લેવાયા હતા. જ્યારે અન્ય એક વાછરડાનું મોત નિપજ્યું હતું. જેમાં ઉશ્કેરાયેલ ગામ લોકોએ ગાડીમાં બેસેલ ત્રણ લોકોને ઉતારી કપડા ઉતારી ટપલાબાજી કરી હતી. જેમાં ઝડપાયેલ ત્રણ ઈસમોને પોલીસમથકે સોંપવામાં આવ્યા હતા. જ્યારે અન્ય એક ઈસમ છરી બતાવી પલાયન થઈ ગયો હતો.

જાણવા મળતી માહિતી મુજબ દિયોદર ગૌરક્ષકો રમેશ ભાટી, મયુર અખાણી, કપિલ ઠક્કર, મયુર ઠકરને બાતમી મળેલ કે મીઠા ગામેથી પીકઅપ ડાલુ નં. જીજે.૧૫.ઝેડ. ૩૭૮૦ નંબરની ગાડીમાં ૨ ભેંસો, ૨ પાડા, ૧ પાડી અને વાછરડું ભરી સેસણ લઈ જવામાં આવી રહ્યા હતા. જે ગૌરક્ષકો ખાણોદર ગામ આગળ વોચ ગોઠવી ઉભા હતા તે સમયે આ ગાડી રોકવાની કોશિષ કરી હતી, પરંતુ ડ્રાઈવરે પુરઝડપે ગાડી હંકારતા ગાડીની હડફેટે અન્ય બે ગાયના મોત નિપજતા ગામલોકોએ ગાડીનો પીછો કર્યો હતો. જેમાં પીકઅપ ડાલુ પલટી ખાઈ જતા ત્રણ લોકોને સામાન્ય ઈજા થઈ હતી. જેમાં ત્રણ ઈસમોને બહાર કાઢી કપડા ઉતારી ટપલીબાજી કરી મોડી રાત્રે પોલીસને સોંપ્યા હતા અને પોલીસે લાખા વશરામ ઠાકોર, અશોક ભાવાજી ઠાકોર,, સુરેશ ભાવાજી ઠાકોર સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોડાસા ડી.એલ.એડ. કોલેજનો દીક્ષાન્ત સમારોહ યોજાયો

મોડાસા, તા. ૪

શ્રી મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ મોડાસા સંચાલિત એમ.કે. શાહ (લાટીવાળા) ડી.એલ.એડ. કોલેજનો ચૌદમો દિક્ષાન્ત સમારોહ મંડળના પ્રમુખશ્રી નવીનચંદ્ર આર. મોદીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. પ્રશિક્ષણાર્થીવૃંદ દ્વારા પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત થઈ મંચ પર બિરાજમાન સૌ મહેમાનનોનુંસ્વાગત અનેપરિચય તથા કોલેજ પ્રવૃત્તિની ઝલક કોલેજના આચાર્ય ડૉ. સંતોષ દેવકરે આપી હતી. આમંત્રણને માન આપી પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. સમારંભના ઉદ્‌ઘાટન ડેપ્યુટી કલેક્ટર એસ.બી. પટેલ, મુખ્ય મહેમાન મહેશભાઈ ડી. પટેલ, અતિથિ વિશેષ સુરેન્દ્રભાઈ જે. શાહ અને બીજા વર્ષમાં કોલેજ પ્રથમ આવેલ બહેન તરાર દિવ્યા ઉપસ્થિત રહ્યા હતા. સૌ મહેમાનોએ દીપ પ્રગટાવી અને તાલીમાર્થીઓએ દીપ અર્પણ કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. હૃદય બોલે છે માં બે વર્ષના અનુભવોનો રસાસ્વાદ કલાલ અંજલીબેને કરાવ્યો હતો. પ્રભારી મંત્રી સુભાષભાઈ એમ. શાહે શુભેચ્છાઓ પાઠવી હતી.

દ્વિતીય વર્ષમાં પ્રથમ આવેલ તાલીમાર્થી તરાર દિવ્યાએ બે ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. જ્યારે પ્રથમ વર્ષમાં પ્રથમ આવનાર તાલીમાર્થી પ્રજાપતિ પિન્કીએ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. તે ઉપરાંત વર્ષ દરમિયાન થયેલ સ્પર્ધાઓના વિજેતાઓને પુરસ્કૃત કરાયા હતા. રમતોત્સવ અને વિજ્ઞાનમેળામાં વિજેતા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

પ્રમુખ નવીનચંદ્ર આર. મોદીએ આશીર્વચન આપ્યા હતા. ડેપ્યુટી કલેક્ટર એસ.બી. પટેલે તાલીમાર્થીઓને પોઝીટીવ થીંકીંગ થકી મોટીવેટ કર્યો હતો. જ્યારે મહેશભાઈ પટેલે તાલીમાર્થીઓની કાર્યપ્રણાલીના વખાણ કર્યા હતા.



## પાવડાસણ ગામ પાસે બસની બ્રેક ફેઈલ થતા બસ ખાડામાં પડી

બનાસકાંઠા જિલ્લાના પાવડાસણ ગામ પાસે બસની બ્રેક ફેઈલ થતા બસ ખાડામાં પડી જતા પેસેન્જરોના જીવ તાળવે ચોટી ગયા હતા. આજુબાજુના લોકો તેમજ ૧૦૮ની ટીમની મદદથી બસમાં ફસાયેલા મુસાફરોને બહાર નીકાળ્યા હતા. કોઈ પણ પ્રકારની જાનહાની ન થતા તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. જીજે૧૮.વાય.૧૬૧૬ નંબરવાળી બસ ધાનેરાથી થરાદ જઈ હતી તે સમયે થરાદ તાલુકાના પાવડાસણ ગામ પાસે પેસેન્જર ઉતારવા માટે ચાલકે બ્રેક કરતા બસની બ્રેક ફેઈલ થઈ જતા રોડની સાઈડમાં આવેલ બાવળની જાડીવાળા ખાડામાં બસ પડી જતા પેસેન્જરો બુમાબુમ કરવા લાગ્યા હતા. જેને લઈ આજુબાજુના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઘટનાની જાણ ધાનેરા ૧૦૮ને કરતા ૧૦૮ના પાયલોટ રજનીકાંત રાવલ અને ઈ.એમ.ટી. ભગવાનભાઈ દેસાઈ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા અને લોકો તેમજ ૧૦૮ની ટીમ દ્વારા બસમાં ફસાયેલા લોકોને બહાર નીકળતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. સદનસીબે બસ પલટી ન ખાતા કોઈ પણ પ્રકારની જાનહાની થઈ ન હતી. ગુજરાત સરકારની ખખડધજ બસને લોકોનો જીવ જોખમમાં મુકાય છે ત્યારે કેટલીક જગ્યાએ તો લોકો મોતને પણ ભેટ્યા છે ત્યારે હવે લોકો કહી રહ્યા છે કે હવે સરકારે જાગવાની જરૂર છે અને કોઈ મોટી જાનહાની સર્જાય તે પહેલા ખરાબ બસ હટાવી નવી બસની લોકોએ માંગણી પણ કરી હતી. હવે જોવું એ રહ્યું કે આ બાબતે સરકાર શું નિર્ણય લે છે.

## ઉનાવા ગામે પશુ ચોર પકડાયો પણ પશુ ન મળતા પશુ માલિકની જિલ્લા પોલીસ વડાને રજુઆત

ઊંઝા, તા. ૪

ઊંઝા નજીકના ઉનાવા ગામે ઢોર ચોરીના ગુનામાં સંડોવાયેલ આરોપીને પકડી પોલીસને સોંપવા છતાં ચોરાયેલ ભેંસ મુળ માલિક એટલે ફરિયાદીને ન મળતા ગુનાની યોગ્ય તપાસ કરવા માટે જિલ્લા પોલીસ અધિક્ષકને રજૂઆત કરવામાં આવી છે.

ઉનાવા ગામે આનંદપુરામાં રહેતા ખેડૂત વર્ગના ગરીબ વ્યક્તિ ઈશ્વરભાઈ મોતીભાઈ ચૌધરીની એક ભેંસની ગત ફેબ્રુઆરીમાં ચોરી થઈ હતી. આ ઢોર ચોરીના ગુનામાં સંડોવાયેલ ઠાકોર બાબુજી તલાજી રહે. સુરપુરા, તા. ઊંઝા વાળાને ફરીયાદપક્ષના માણસોએ પકડી પાડી ઉનાવા પોલીસને સોંપેલ હતો. જેથી પોલીસે તેની ધરપકડ કરી હતી. બાદ પોલીસ તપાસમાં વિરતા ગામના રબારી દિનેશભાઈ વસ્તાભાઈની પણ સંડોવણી હોવાનું જણાતાં પોલીસે તેની પણ અટકાયત કરી હતી.

આમ આ ઢોર ચોરીના ગુનામાં બે આરોપીઓ પકડાયેલ છે તેમ છતાં પોલીસની ઢીલી નીતિના કારણે હજી સુધી ફરિયાદીને પોતાની ચોરાયેલ ભેંસ પરત મળી નથી કે ભેંસના નાણાં પણ મળેલ નથી. ઢોર ચોરીના ગંભીર ગુનાની તપાસ કરનાર હેડ કોન્સ્ટેબલ દ્વારા યોગ્ય રીતે ગુનાની તપાસ ન થતી હોવાના ફરિયાદીએ આક્ષેપ કરીને જિલ્લા પોલીસ અધિક્ષક મહેસાણાને સદર ગુનાની યોગ્ય તપાસ કરવા લેખિત રજૂઆત કરી છે.


ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧




## ડીસા ગાયત્રી મંદિર પાસે ઠંડા પાણીની પરબ ખુલ્લી મુકાઈ

પીપલ એવરનેસ ફાઉન્ડેશન ડીસા તેમજ માનસિક રોગોની હોસ્પિટલ ડીસા દ્વારા નિઃશુલ્ક મીનરલ ઠંડા પાણીની પરબ ગાયત્રી મંદિર પાસે ડીસાના મામલતદાર શિવરાજ ગિલ્વાના વરદ હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી. ઉનાળાની કાળઝાળ ગરમીમાં જ્યારે બહાર ગામથી આવતા જતા લોકો માટે ગાયત્રી મંદિર પાસે પીવાના પાણીની કોઈ જ સુવિધા નથી અને પરિણામે આવતા જતા લોકો ખુબ જ પરેશાન થતા હોય છે. ત્યારે આવી કાળઝાળ ગરમીમાં લોકોને ઠંડુ અને શુદ્ધ પાણી મળી રહે અને પોતાની તરસ છીપાવી શકે તેવા ઉમદા ઉદ્દેશથી ગતરોજ ગાયત્રી મંદિર પાસે ઠંડા મીનરલ પાણીની પરબ ખુલ્લી મુકવામાં આવેલ છે. તો આ નિઃશુલ્ક મીનરલ ઠંડા પાણીનો વધુમાં વધુ લાભ લેવા જનતાને નમ્ર વિનંતી છે.